સે-૨૬ કિસાનનગરમાં રહેતી યુવતી લાપતા

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેરના સેકટર-૨૬ કિસાનનગર વિસ્તારમાં રહેતી અને જીઆઈડીસીની કિંગડમ ફેશન કંપનીમાં નોકરી કરતી ૨૪ વર્ષીય યુવતી જાગૃતિ ૧૭ ડિસેમ્બરના રોજ નોકરીએ સવારના સુમારે ગઈ હતી. તેણી આજ દિન સુધી ઘરે પરત ફરી નથી. ગુમ થઈ ગયેલી યુવતીના પરિવારજનોએ કરેલી શોધખોળ બાદ પણ તેણીના ક્યાંયથી સગડ ન મળતાં પોલીસ મથકે જાણવા જોગ અરજી આપી છે. સે-૨૧ પોલીસે અરજીને આધારે લાપતા બનેલી યુવતીની શોધખોળ આરંભી છે.

મોટી છાસઠ હવેલી નાયી સમાજ ટ્રસ્ટની ૨૨મીએ સામાન્ય સભા મળશે

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના શ્રી મોટી છાસઠ હવેલી નાયી સમાજ ટ્રસ્ટના પ્રમુખ એમ.કે. વાળંદે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ટ્રસ્ટની સામાન્ય સભા તા.૨૨મી ડિસેમ્બર ૨૦૧૨ને શનિવારે બપોરે ૨ કલાકે શ્રી લીંબચ માતાજીના મંદિરે, કલોલ, જિ. ગાંધીનગર ખાતે મળશે. નાયી સમાજ ટ્રસ્ટના સર્વે સભાસદ ભાઈ-બહેનોને હાજર રહેવા ખાસ જણાવાયું છે.

આજે વાસ્તુનિર્માણ સોસાયટીમાં આનંદના ગરબાનું આયોજન

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૨માં આવેલી વાસ્તુનિર્માણ સોસાયટી, પ્લોટ નંબર ૭૪૫/૩ ખાતે આજે તા. ૨૦મી ડિસેમ્બર-૨૦૧૨ના રોજ ગીરાબેન અતુલભાઈ અમીનના નિવાસે આનંદના ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. નગરના સૌ ભક્તજનોને આનંદના ગરબાનો લાભ લેવા આયોજકોએ ભાવભર્યું નિમંત્રણ પાઠવ્યું છે.

સેંટ ઝેવિયર્સ સ્કૂલનું ગૌરવ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરના સેક્ટર-૮માં આવેલી સેંટ ઝેવિયર્સ સ્કૂલમાં અભ્યાસ કરતા કૃષ્ણપાલસિંહ ઝાલાએ તાજેતરમાં રાજ્યકક્ષાની ફૂટબોલ અંડર-૧૯ ભાઈઓ માટેની સ્પર્ધામાં પસંદગી મેળવી છે. ફૂટબોલ સ્પર્ધામાં રાષ્ટ્રકક્ષાએ કૃષ્ણપાલસિંહ ઝાલા આંદોમાન-નિકોબાર ખાતે ભાગ લેવા જશે. શાળા અને જિલ્લાનું ગૌરવ વધારનાર તેને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

જૈન સૌશ્યલ ગ્રૂપ ગાંધીનગરનું ૨૫મીએ સ્નેહ મિલન યોજાશે

ગાંધીનગર, તા.૧૯

જૈન સોશ્યલ ગ્રૂપ ગાંધીનગરના મંત્રી શોધન ગાંધીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, આગામી તા.૨૫મી ડિસેમ્બર ૨૦૧૨ મંગળવારના રોજ કોમ્યુનિટી હોલ, સેકટર-૭ ખાતે ગ્રૂપના સભ્યોનો નૂતન વર્ષ સ્નેહમિલન સમારોહ અને વેલકમ ૨૦૧૩ કાર્યક્રમ યોજાશે.

સ્નેહમિલન કાર્યક્રમમાં સુપ્રસિધ્ધ શેલ્બી હોસ્પિટલ, અમદાવાદના નિષ્ણાંત ડાયેટીશીયન ચેતના રાજગુરુ તથા ક્રિપા કારીયા હાજર રહી ગ્રૂપના સભ્યોને આજના ફાસ્ટ ફૂડ-જંક ફૂડના જમાનામાં સમતોલ આહાર વિશે ઉત્તમ માર્ગદર્શન આપશે. ગ્રૂપના સૌ સભ્યોને હાજર રહેવા ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ડો. કે.કે. વૈષ્ણવને ભારત શિક્ષા રત્ન એવોર્ડ અર્પણ

ગાંધીનગર, તા. ૧૯

ગ્લોબલ સોસાયટી ફોર હેલ્થ એન્ડ એજ્યુકેશનલ ગ્રોથના ઉપક્રમે કોન્સ્ટીટ્યૂશન ક્લબ ઓફ ઈન્ડીયા, ન્યુ દિલ્હી ખાતે યોજાયેલ એવોર્ડ સમારંભમાં ગુજરાતના વિસનગરમાં આવેલ એમ.એન. કોલેજના ડૉ. કે.કે. વૈષ્ણવને ભારત શિક્ષા રત્ન એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા. જે સિદ્ધિ બદલ પ્રોફેસરને પરિવારજનો અને મિત્રોએ અભિનંદન પાઠવ્યા હતા.

ગુજરાતના મહેસાણા જિલ્લાના વિસનગર કોલેજના હિન્દી વિભાગના અધ્યક્ષ અને પી.જી. ઈન્ચાર્જ ડૉ. કે.કે. વૈષ્ણવને ગ્લોબલ સોસાયટી ફોર હેલ્થ એન્ડ એજ્યુકેશનલ ગ્રોથના ઉપક્રમે કોન્સ્ટીટ્યૂશનલ ક્લબ ઓફ ઈન્ડીયા ન્યુ દિલ્હી ખાતે યોજાયેલા એક એવોર્ડ સમારંભમાં તામીલનાડુના પૂર્વ રાજ્યપાલ ડૉ. ભીષ્મ નારાયણસિંગના હસ્તે ભારત શિક્ષા રત્ન એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે સરદાર જોગીન્દરસિંગ, મિસ્ટર અલી ઈલ્યાસ, પ્રો. એસ. એસ. બાકરી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

ભારત શિક્ષા રત્ન એવોર્ડ માટે ડૉ. કે. કે. વૈષ્ણવની સ્નાતક અનુસ્નાતક કક્ષાની લાંબા સમયગાળાની અધ્યાપન કામગીરીની સાથે એન.એસ.એસ., એન.સી.સી. સિવિલડીફેન્સ, કચ્છના ભૂકંપની રાહત કામગીરી, ગ્રામીણ વિસ્તારમાં નવચેતના શિબિરો, વ્યસનમુક્તિ અભિયાન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તેમજ સાહિત્યક્ષેત્રે ગુજરાતી અને હિન્દી બંને ભાષાઓમાં કવિતા, ગીત, ગઝલ અને વિવેચન ઉપરાંત સંપાદક તંત્રી અને સામાજીક વિકાસની સંસ્થાના અધ્યક્ષની કામગીરીને લક્ષ્મમાં રાખવામાં આવેલ છે. ખાસ કરીને યુવા પ્રવૃત્તિઓમાં માર્ગદર્શક પ્રોત્સાહન અને પ્રેરક તરીકે ઉત્તમ કામગીરી માટે પુરસ્કૃત થયા છે.

લક્ષ્મીનારાયણ દેવયુવક મંડળ દ્વારા સ્વામીનારાયણ મહોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા.૧૯

વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવયુવક મંડળ-ગોધરા દ્વારા ગોધરા શહેરમાં લાલબાગ ટેકરી, ગણેશ મંદિર બસ સ્ટેશન પાછળ, શ્રી સ્વામિનારાયણ મહોત્સવ તા.૨૧મી ડિસેમ્બર ૨૦૧૨ થી ૨૭મી ડિસેમ્બર ૨૦૧૨ દરમિયાન યોજાશે. સ્વામિનારાયણ મહોત્સવ અંતર્ગત ૨૩મી ડિસેમ્બરે સર્વરોગ નિદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું છે જેનો સર્વેજનો લાભ લઈ શકશે.

વડતાલ પીઠાધિપતી પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય અજેન્દ્રપ્રસાદજી મહારાજની અધ્યક્ષતામાં ઉજવાઈરહેલા મહોત્સવને ભાવિ આચાર્ય પ.પૂ. નૃગેન્દ્રપ્રસાદજી મહારાજનું માર્ગદર્શન મળી રહ્યું છે. શ્રી સ્વામિનારાયણ મહોત્સવ અંતર્ગત સરદાર નિવાસી વિશ્વ પ્રસિદ્ધ વક્તા પૂ.સ.ગુ. સ્વામીશ્રી નિત્યસ્વરૂપદાસજીના શ્રીમુખે શ્રીમદ્ સત્સંગી જીવનકથાનું રસપાન કરાવશે. મહોત્સવ અંગે વધુ માહિતી આપતા પૂ. બાલમુકુંદસ્વામી અને ગોપાલભાઈ પટેલે જણાવ્યું છે કે આ પ્રસંગે ઘનશ્યામ જન્મોત્સવ, ધર્મકુળ દર્શન, અન્નકુટ દર્શન, શાકોત્સવ, રાસોત્સવ જેવા ઉત્સવો ઉજાશે. જ્યારે તા.૨૩મી ડિસેમ્બર ૨૦૧૨ના રોજ સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે.

ધર્માચાર્ય સંમેલનમાં જગદગુરુ વલ્લભાચાર્ય વિકીબાવા, દ્વારકાપીઠ શંકરાચાર્ય સ્વરૂપાનંદજી સરસ્વતીના પ્રતિનિધિ ઉપરાંત વડતાલ, સોજીત્રા, માણસા, ધોળકા, ગઢડા, ડભાણ, માંગરોળ, જૂનાગઢ, રાજકોટ, ઝૂંડાલ, બોટાદ અને સોમનાથથી સંતો મહંતો પધારશે. મહોત્સવનું જીવંત પ્રસારણ લક્ષ્ય ચેનલ ઉપરથી કરવામાં આવશે.

લકઝરીમાં દારૂની હેરાફેરી કરતાં બે રાજસ્થાની ઝડપાયા

રણાસણ રીંગરોડ પાસે પોલીસે ચેકીંગ કરીને ૩૬ બોટલો પકડી

ગાંધીનગર, તા. ૧૯

રાજસ્થાનથી ગાંધીનગર ખાતે લકઝરીમાં લવાઈ રહેલા વિદેશી દારૂના જથ્થા અંગે બાતમી મળતા ડભોડા પોલીસે વોચ ગોઠવીને બે રાજસ્થાની શખ્સોને દારૂની હેરાફેરી કરતા ઝડપી પાડ્યા છે. બન્ને શખ્સોને રણાસણ રીંગ રોડ પાસેથી ૩૬ નંગ વિદેશી દારૂની બોટલો સાથે પકડી પાડીને ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ડભોડા પોલીસમથકનાં પી.એસ.આઈ. પી.એસ. પરમારને બાતમી મળી હતી કે રાજસ્થાનથી લકઝરીમાં બે શખ્સો વિદેશી દારૂની બોટલો લઈને આવી રહ્યા છે. જે લકઝરીનો નંબર નોંધીને પી.એસ.આઈ. તેમની ટીમ સાથે રણાસણ રીંગરોડ પાસે વોચ પર ગોઠવાઈ ગયા હતા. બાતમી વાળી લકઝરી ત્યાંથી પસાર થતા ઉભી રખાવીને તપાસણી કરવામાં આવી હતી. લકઝરીમાં રાજસ્થાનના ડુંગરપુર વિસ્તારના બે શખ્સો કાંતિ રૂપા ખરાડી અને ગટુ રામજી પનવાલા ૧૮-૧૮ નંગ વિદેશી દારૂની બોટલો સાથે મળી આવ્યા હતા. ડભોડા પોલીસે ૩૬ નંગ દારૂની બોટલો કબ્જે લઈને લકઝરીમાં દારૂની હેરાફેરી કરતા ઝડપાઈ ગયેલા બન્ને શખ્સોની ધરપકડ કરી લઈ રૂ. ૧૦,૮૦૦ નો દારૂ જપ્ત કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. દારૂની બોટલો ક્યાંથી લાવવામાં આવી હતી અને ક્યાં પહોંચાડાઈ રહી હતી તે તપાસ બાબતોની સઘન પુછપરછ શરૂ કરવામાં આવી છે.

ધી ગાંધીનગર એક્સ સર્વીસમેન વેલફેર એસોસીએશનનો રજત વર્ષ મહોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૧૯

ધી ગાંધીનગર એક્સ સર્વીસમેન વેલફેર એસોસીએશન, ગાંધીનગરનો રજત જયંતિ વર્ષ મહોત્સવ આર્મી કેમ્પ ચિલોડા, ગાંધીનગર સ્થળે મીલીટરીના ઉચ્ચ અધિકારીઓ સાથે ઉજવવામાં આવ્યો હતો. જેમાં મંડળના પ્રમુખ બી.પી. પ્રજાપતિએ મંડળે છેલ્લા ૨૫ વર્ષમાં કરેલા કાર્યો અને તેની ઉપલબ્ધિઓ જણાવી હતી.

સમારોહમાં મુખ્ય મહેમાન પદે ૧૧ ડીવીઝનના જનરલ ઓફિસર કમાન્ડીંગ મેજર જનરલ એસ.કે. પટિયાલ હાજર રહી પૂર્વ સૈનિકો અને શહીદ જવાનોની વિધવાઓના પેન્શનમાં વિસંગતતાઓ દૂર કરીને રૂ. ૩.૦૦ કરોડ સુધીના ચુકવણા માટે હૈયાધારણા આપી હતી. મહોત્સવના પ્રમુખ સ્થાને એરફોર્સ એસોસીએશન પ્રમુખ એર માર્શલ (નિવૃત્ત) પી.કે. દેસાઈએ તેમના અભિવાદનમાં આઈકોન તરીકે ફિલ્મના હીરો હીરોઈનને પ્રાધાન્ય ન આપતા દેશના સૈનિકોના જીવનને ધ્યાને લેવા આગ્રહ કર્યો હતો. અતિથિ વિશેષ તરીકે એર કમાન્ડર એચ.એન. ભાગવત, દક્ષિણ, પશ્ચિમ કમાન એરફોર્સના ઉચ્ચ અધિકારીએ પણ માજી સૈનિકોને મળવાપાત્ર સવલતો મળી શકે તેવી હૈયાધારણા આપી હતી. અન્ય ઉપસ્થિત મહેમાનોમાં સમાજ કલ્યાણ વિભાગના નિયામક કે.જી. વણઝારાએ મહાભારત અને ગીતાના ઉપદેશને ધ્યાને લઈ સૈનિક સમાજમાં આગવું સ્થાન ધરાવે છે. દેશ માટે જીવન સમર્પણ કરનાર શહીદ જવાન સ્વર્ગ પામે છે. પાયલોટની ટ્રેનીંગ માટે મળવાપાત્ર અનુદાન વિશે જાણકારી આપી અને તેના લાભ લેવા સરકારશ્રીના કોઈપણ વિભાગમાં સૈનિકો, પૂર્વ સૈનિકોને મળતી સગવડો મળી રહે તેની પણ મદદ માટે પડખે રહેવાની બાંહેધરી આપી હતી.

યજમાન તરીકે મીલીટરી કેમ્પના ડેપ્યુટી કમાન્ડર કર્નલ અનિલ બેનીવાલે દરેક પ્રકારની મળવાપાત્ર કેન્ટીન સુવિધાઓ પૂર્વ સૈનિકો અને તેમના આશ્રિતોને મળી રહે તેની ખાતરી આપી હતી.

આ કાર્યક્રમમાં મીસ યેશા પટેલ દ્વારા દેશ ભક્તિ ગીતો ગાઈ સર્વને ભાવવિભોર બનાવી દીધા.

કાર્યક્રમના અંતમાં પૂર્વ સૈનિકની વિધવાઓ, શહીદોની વિધવાઓ અને વરિષ્ઠ પૂર્વ સૈનિક મિત્રોને હાજર મહાનુભાવો દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. પૂર્વ સૈનિકોના તેજસ્વી તારલાઓને પણ ઈનામોથી નવાજવામાં આવ્યા હતા. છેલ્લે સંસ્થાના મહામંત્રી એમ.પી. નાયર દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

શિક્ષણની ગુણવત્તા સુધારવા ૧૭૦૦ શિક્ષકોને તાલિમ અપાશે

આગામી મહિનામાં બે તબક્કામાં તાલિમનો કાર્યક્રમ તજજ્ઞો માર્ગદર્શન પુરું પાડશે

ગાંધીનગર, તા.૧૯

શિક્ષણનું સ્તર ઉંચું લાવવા તેમજ શિક્ષકોને વધુ અપગ્રેડ કરવા શિક્ષણતંત્ર દ્વારા આગામી જાન્યુઆરી મહિનામાં શિક્ષણ શાસ્ત્ર સંકલ્પનાત્મક શિક્ષણની તાલિમ યોજવામાં આવનાર છે. બે તબક્કામાં યોજાનારી આ તાલિમમાં જિલ્લાના ૧૭૦૦ માધ્યમિક શિક્ષકો જોડાશે.

રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષણ અભિયાન અન્વયે ગત એપ્રિલ મહિનામાં તા. ૨૮, ૨૯ દરમિયાન માધ્યમિક શાળાના શિક્ષકો માટે શિક્ષક સજ્જતા સર્વેક્ષણ કસોટી યોજવામાં આવી હતી. આ કસોટીમાં ૧૭૦૦ શિક્ષકોએ ભાગ લીધો હતો. સર્વેક્ષણ કસોટીના પરિણામો અને તારણોના આધારે વિષય વસ્તુને અનુલક્ષી માધ્યમિક શાળાના શિક્ષકો માટે ખાસ તાલિમનું આયોજન કરવામાં આવ્યું છે. સુત્રોના જણાવ્યાનુસાર આગામી જાન્યુઆરી મહિનામાં બે તબક્કામાં શિક્ષણશાસ્ત્ર સંકલ્પનાત્મક શિક્ષણ અંગે પાંચ દિવસીય નિવાસી તાલિમ યોજાશે. તા. ૧૫ થી ૧૯ જાન્યુઆરી તેમજ તા.૨૧ થી ૨૫ જાન્યુઆરી દરમિયાન તાલુકા કક્ષાએ તાલિમનો કાર્યક્રમ યોજવા આયોજન કરી દેવામાં આવ્યું છે. આ તાલિમમાં બધા વિષયના શિક્ષકો જોડાશે. જિલ્લામાં શિક્ષણનું સ્તર વધુ ઉંચું આવે તેમજ શિક્ષકો વધુ અપગ્રેડ થાય તેવા આશયથી તજજ્ઞો દ્વારા શિક્ષકોને જરુરી તાલિમ આપવામાં આવશે. સવારે ૧૧ થી ૫ કલાક દરમિયાન તાલુકા કક્ષાએ તાલિમ કાર્યક્રમ ગોઠવવાનું આયોજન કરી દેવામાં આવ્યું છે. પરંતુ હજી તાલિમ કાર્યક્રમ માટેનું સ્થળ નિયત કરાયું નથી. આગામી મહિનામાં યોજનારી તાલિમ અન્વયે ટુંકમાં જ સ્થળ પણ નિયત કરી દેવાશે.

શ્રી રામ ફાઉન્ડેશનના ઉપક્રમે રામકથાનું આયોજન

૨૫ થી ૪થી જાન્યુઆરી દરમિયાન રામકથા અને નવી ભોજન પ્રથા શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૧૯

શ્રી રામ ફાઉન્ડેશનના પ્રમુખ દિનેશભાઈ પટેલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, શ્રી રામ ફાઉન્ડેશન દ્વારા તા.૨૫મી ડિસેમ્બર ૨૦૧૨ને મંગળવારથી ૪થી જાન્યુઆરી ૨૦૧૩ને શુક્રવાર દરમિયાન પ્રેક્ષા વિશ્વ ભારતી કોબા બસ સ્ટેન્ડ સામે, ગાંધીનગર ખાતે પ.પૂ. શ્રી છોટે મોરારિબાપુની વ્યાસપીઠે રામકથાનું આયોજન કરવામાં આવ્યું છે તથા ૧૧ દિવસની નવી ભોજન પ્રથા સાધના શિબિર યોજાશે.

રામકથા પ્રસંગે પ.પૂ. શ્રી છોટે મોરારિબાપુ વ્યાસપીઠ ઉપર બિરાજી રામજન્મ, શ્રી રામસીતા વિવાહ, ભરત પાદૂકા પૂજન, રામેશ્વર ભગવાનની સ્થાપના વગેરે વિશે રસપ્રદ પ્રવચન આપશે. કથાના મુખ્ય યજમાન પદે વસાઈવાળા ભાવીન દશરથભાઈ નાથાલાલ પટેલના ૨૮ શાહીકુટીર અમદાવાદથી પોથીયાત્રા તા.૨૫મીએ સવારે ૮ કલાકે પ્રસ્થાન કરશે. ત્યાંથી કથાના મુખ્ય સ્થળે પ્રેક્ષા વિશ્વ ભારતી, કોબા પહોંચશે. રામકથાના મુખ્ય યજમાન તરીકે નાથાલાલ જેઠીદાસ પટેલ અને સીતાબેન નાથાલાલ પટેલ રહેશે. મંગલદીપ પ્રાગટય તા.૨૫મીએ બપોરે ૨ કલાકે બી.વી. ચૌહાણ કરશે.

પ્રેક્ષા વિશ્વા ભારતી ખાતે રામકથા સાથે સાથે ૧૧ દિવસની નવી ભોજન પ્રથા સાધના શિબિર પણ યોજાશે. નવી ભોજન પ્રથાના પ્રણેતા તા.૨૫મી ડિસેમ્બરથી ૪ થી જાન્યુઆરી ૨૦૧૩ દરમિયાન સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન વકતવ્ય આપશે. શરીરમાં એસીડીટી, કબજીયાત, કમરનો દુઃખાવો, માથાનો દુઃખાવો, બી.પી., ડાયાબીટીસ, સાંધાનો વા, થાઈરોઈડ, ચામડીનાં તમામ રોગ, કોઈ પણ એલર્જી, કાયમી શરદી, ઉધરસ, ખરજવું, સોરોસીસ, શિળસ, કોઢ, ફલ્યૂ, બર્ડ ફલ્યૂ, સ્વાઈન ફલ્યૂ, કોલેસ્ટ્રોલ, ટી.બી. જેવા તમામ રોગ જડમૂળમાંથી દૂર થાય તે અંગેની ૧૧ દિવસની નવી ભોજન પ્રથા સાધના શિબિર યોજવામાં આવશે. આ પ્રસંગે બી.વી. ચૌહાણ વકતા તરીકે હાજર રહેશે. શરીર તથા મનનાં બધા જ રોગને દૂર કરવા આ શિબિરનો લાભ લેવા ઈચ્છતા સજ્જનને ભાર ફાઉન્ડ્રી, વી.કે. સ્ટીલ કમ્પાઉન્ડ, અનિલ સ્ટાર્ચ રોડ, નરોડા રોડ, અમદાવાદ ખાતે નોંધણી કરાવવા જણાવ્યું છે. આ અંગેની વધુ વિગતો મો.નં. ૯૮૭૯૧૧૦૭૨૫ પર મેળવી શકાશે.

સેકટર-૧૨માં સાંજે અંધારપટ છવાતા રહીશોમાં આક્રોશ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરના સેકટર-૧૨માં આજે સાંજે ૪ કલાકે તંત્ર દ્વારા ખોદકામ ચાલતું હોવાથી ઈલેકટ્રીક વાયરો કપાઈ ગયા હતા જેને પરીણામે સાંજે ૬ વાગ્યાથી સમગ્ર સેકટરમાં લાઈટ ગૂલ થઈ ગઈ હતી.

તંત્રની બેદરકારીના લીધે ગાંધીનગર શહેરના સેકટર-૧૨માં આજે સાંજે લાઈટ બંધ રહી હતી. તંત્ર દ્વારા હાલમાં સેકટર-૧૨ આગળ ખોદકામની પ્રવૃત્તિ ચાલી રહી છે. મજૂરોની બેદરકારીને લીધે સેકટરના વીજળીના વાયરો ખોદકામ દરમિયાન કપાઈ ગયા હતા જેને પરિણામે સંધ્યા સમયે જ લાઈટ બંધ થઈ ગઈ હતી. સમગ્ર સેકટરમાં લાઈટ બંધ રહેતા સ્થાનિક વસાહતીઓ રોષે ભરાયા હતા અને તંત્રની બેદરકારી બાબતે અફસોસ વ્યકત કરતા હતા. તંત્ર દ્વારા સત્વરે લાઈટ આવે તેવી કાર્યવાહી આરંભાઈ હતી છતાં સાંજે આઠેક વાગ્યા સુધી લાઈટ ચાલુ થઈ ન હોવાની માહિતી મળી હતી.

ડબલ મર્ડર કેસનો મુખ્ય સૂત્રધાર આમીન બાદશાહ 'વોન્ટેડ' જાહેર

ભરી કોર્ટમાંથી આમીન બારીમાંથી કુદીને નાસી છુટયો હતો

ગાંધીનગર, તા.૧૯

પાટનગરના સેકટર-૬ ખાતે માતા-પુત્રી ની હત્યાના અત્યંત ચકચારી કિસ્સાનાં મુખ્ય સુત્રધાર આમીન બાદશાહ ગાંધીનગર કોર્ટમાં મુદતે આવ્યો ત્યારે કોર્ટની બારીમાંથી કુદકો મારીને ન્યાયાધીશ અને પોલીસની નજર સામે ફરાર થઈ ગયો હતો. તેની શોધખોળ માટે કામે લગાડવામાં આવેલી ટીમો પણ કાંઈ ઉકાળી શકી ન હતી. આખરે આ હત્યારાને જિલ્લા પોલિસ વડા દ્વારા 'વોન્ટેડ' જાહેર કરવામાં આવ્યો છે.

શહેરના સેકટર-૬-સીમાં રહેતા ડૉ. નુપુરબેન ત્રિવેદી અને તેના માતા મધુબેનના ઘરમાં ઘુસીને એપ્રિલ ૨૦૧૧માં લુંટ ચલાવી બંનેની કરપીણ હત્યા કરી નાંખવાની ઘટના બનવા પામી હતી. જેમાં પાડોશી અને ધર્મનો બનાવેલો ભાઈ આમીન બાદશાહ તથા તેના મિત્રોનો હાથ હોવાનું બહાર આવ્યું હતું. અને પોલીસે ધરપકડ કરીને સાબરમતી જેલના હવાલે મોકલી આપવામાં આવ્યો હતો. દરમિયાન ગાંધીનગર કોર્ટમાં ૮મી મે ૨૦૧૨ના રોજ તેને મુદતે લાવવામાં આવ્યો ત્યારે ભર કોર્ટમાંથી બારીમાંથી કુદકો મારીને આમીન બાદશાહ પલાયન થઈ ગયો હતો. પ્રી-પ્લાન્ડ આ ઘટના બાદ હજુ સુધી તે મળી આવ્યો નથી. આખરે જિલ્લા પોલિસ વડા શરદ સિંઘલ દ્વારા તેને 'વોન્ટેડ' જાહેર કરવામાં આવ્યો છે અને આમીન વિશે રાજયભરની પોલિસને જાણ કરી તેની માહિતી મળે તે વ્યકિતએ સ્થાનિક પોલિસને જાણ કરવા અપીલ કરી છે. ગાંધીનગર પોલીસ કંટ્રોલ ફોન નં. ૦૭૯-૨૩૨૧૦૯૧૪ અથવા એલ.સી.બી.ના ફોન નં. ૦૭૯-૨૩૨૧૦૬૫૮ પર અથવા ઈમેઈલ એડ્રેસ **pi-icb-gnr@gujarat.gov.in** પર માહિતી આપવા જણાવવામાં આવ્યું છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૪

સૂર્યાસ્ત : ૫.૫૪

તાપમાન

મહત્તમ : ૨૮.૫ ડિ.સે.

લઘુત્તમ : ૧૭.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૩ ટકા ● સાંજે ૩૬ ટકા

મનોરંજન

સિટી પ્લસ

: સ્ક્રીન-૧ :
ખેલાડી ૭૮૬ : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫,૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
તલાશ : ૧૦.૦૦
ખેલાડી ૭૮૬ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
જબ તક હે જાન : ૧.૦૦
તલાશ : ૪.૧૫
લાઈફ ઓફ પાય (હિન્દી) : ૭.૦૦
ખેલાડી ૭૮૬ : ૯.૩૦
: સ્ક્રીન-૪ :
તલાશ : ૧૦.૦૦
સિગારેટ કી તરાહ : ૧૨.૪૫
સન ઓફ સરદાર : ૩.૧૫
રેડ ડ્રોવન (હિન્દી) : ૬.૦૦, ૧૦.૦૦
રેડ ડ્રોવન(અંગ્રેજી) : ૮.૦૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
રેડ ડ્રોવન(હિન્દી) : ૧૦.૦૦, ૧૨.૦૦, ૫.૦૦
લાઈફ ઓફ પાય(હિન્દી) ૩-ડી : ૨.૩૦, ૭.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
તલાશ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
ખેલાડી ૭૮૬ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૪ :
ખેલાડી ૭૮૬ : ૧૧.૩૦, ૨.૩૦, ૫.૩૦, ૮.૩૦

સૂર્યા, વાવોલ

ખેલાડી ૭૮૬ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ઓ ગોરી મે તો દિલથી બાંધી છે પ્રીત : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ખેલાડી ૭૮૬: ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
જાનબાઝ ખેલાડી : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૩૦, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
ખેલાડી ૭૮૬ : ૧૨.૧૫, ૩.૧૫
તલાશ : ૬.૪૫, ૯.૪૫

શિરાગ, કલોલ

ખેલાડી ૭૮૬: ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : ભાગ્યવર્ધક કાર્યોથી લાભ પ્રાપ્તિ. મનમાં ઉત્સાહપૂર્ણ વિચારોને કારણે સમય પસાર થશે. ખાનપાનમાં ધ્યાન રાખવું. મિત્ર, સંતાન પક્ષ સંબંધી, વગેરે જેવા જવાબદારી ભર્યા કાર્યો સફળતાપૂર્વક પૂર્ણ થઈ શકશે.

વૃષભ : સંતાનપક્ષ, મિત્રવર્ગ, મનોરંજન સંબંધી કાર્યોમાં લાભ પ્રાપ્તિ. કર્મક્ષેત્રમાં વિશેષ ભાગ્યવર્ધક યાત્રા પ્રવાસ થશે. વ્યાપારમાં ગહન શોધ સંબંધી કાર્ય થશે. નવા કાર્યોમાં સફળતા પ્રાપ્તી થવાનો યોગ.

મિથુન : આર્થિક સમસ્યાઓ પર કાર્ય થશે. પદોન્નતિ, ભૂમિ, મકાન, વાહન સંબંધી લાભ પ્રાપ્તિનો વિશેષ યોગ. ધાર્મિક આયોજનોમાં ભાગ લેવાનું થશે. અટવાયેલા પ્રશ્નોનું નિરાકરણ મળી શકશે.

કર્ક : આર્થિક સમસ્યાઓ પર કાર્ય થશે. શુભ મંગળ કાર્યોનો યોગ. શોધપૂર્ણ કાર્યોથી વિશેષ લાભ પ્રાપ્ત થઈ શકશે. ધર્મ આધ્યાત્મ સંબંધી ગહન શોધ કાર્ય થઈ શકે છે. પૈતૃક આર્થિક સ્થિતિમાં લાભ વૃદ્ધિ થતી જણાય.

સિંહ : વિશેષ નીતિગત સમસ્યા. વડીલોથી તનાવને કારણે યાત્રા. તમારી ઈચ્છાઓ તેમજ મહત્વકાંક્ષા પૂર્ણ થશે. મૂડી રોકાણમાં લાભ થવાની સંભાવનાઓ છે. ઋતુ પ્રમાણે આહાર લેવો.

કન્યા : સ્વયંની યોજના મુજબ કાર્ય કરવું. સામાજિક કાર્યોમાં પોતાનો સક્રિય સહયોગ આપવો. કોધ અને આવેશ પર સંયમ રાખવો. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક ધાર્મિક યાત્રાઓ થઈ શકશે. સમાજિકક્ષેત્રમાં પદ, પ્રતિષ્ઠામાં વધારો થશે.

તુલા : ભાગ્યથી પ્રગતિ અને આધ્યાત્મિક લાભ થશે. પરાક્રમની પ્રશંસાને કારણે પાસે આવનારા વ્યક્તિઓની અધિકતા રહેશે. નવા કાર્યોમાં ભાગદોડમાં વધારો થશે. ધર્મ, આધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રાનો યોગ.

વૃશ્ચિક : વ્યાપારી વર્ગથી લાભ થવની શકયતા છે. માનસિક શાંતિ જાળવી રાખવી. નવા સંબંધ બનશે. વાહન ખરીદવાની સંભાવના છે .પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. સંબંધો પ્રત્યે વિશેષ સાવધાની રાખવી જરૂરી રહેશે.

ધન : બુદ્ધિથી મુશ્કેલીઓ દૂર થશે. કૌટુંબિક સમસ્યાઓ થઈ શકે છે. સામાજિક ક્ષેત્રે લાભ મળી શકે છે. કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશ થઈ શકે છે. મતભેદોથી દૂર રહીને શાંતિપૂર્ણ રીતે કાર્ય કરવું.

મકર : કુટુંબના સહયોગથી દિવસ ઉત્સાહપૂર્વક પસાર થશે. તમારી ઈચ્છાઓ તેમજ મહત્વકાંક્ષા પૂર્ણ ખશે. મૂડી રોકાણમાં લાભ થવાની સંભાવના છે. વિચારેલું કાર્ય સમય પર થશે. વિશેષ સહયોગ, માર્ગદર્શન મળશે.

કુંભ : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. ગુસ્સા પર કાબુ રાખવો. મિત્રોનો સહયોગ અને આશ્વાસન મળશે. વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે.

મીન :